# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર


ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૩૮ • તા.૩૦ નવેમ્બર થી ૬ ડિસેમ્બર ૨૦૨૪


**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





## મુમુક્ષુ કુ.હીરલ શૈલેશ પીરનું પ્રવજ્યા પંથે શુભ પ્રયાણ


Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com
Contact : 9884899494
E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# સારાં નરસાં પાસાં સોશિયલ મીડિયાના

દરેક ચીજના બે પાસાં હોય છે. દરેક વિચાર, દરેક સાધન, વ્યક્તિ કે દરેક પગલાના ગુણ-અવગુણ ધરાવતા ગુણધર્મો હોય છે. જેમ ચપ્પુ રસોડામાં અનેક રીતે ઉપયોગી છે પણ એ જ ચપ્પુ હથિયાર તરીકે, શસ્ત્ર તરીકે વપરાય શકે તો ઘાતક નિવડે છે. કોઈપણ વસ્તુનો અતિ ઉપયોગ હાનિકારક છે. દવાના અમુક ટીપાં રોગથી સ્વસ્થ બનવા માટેનું સારો માધ્યમ બની શકે છે એ જ દવાનો વધુ પડતો ડોઝ જીવન હાનિ માટેનું કારણ બની શકે છે.

આજે દિવસો દિવસ વિજ્ઞાનના આવિષ્કાર થતા રહે છે. અગાઉના જમાનામાં રોગો ઘરેલુ પ્રયોગોથી કે આયુર્વેદિક ઔષધ કે કુદરતી નુસખાથી સારા થઈ જતા હતા. જેમ સમય જતો ગયો તેમ તેમ નવી દવાઓ, દર્દ-બીમારીની જડ જાણવા માટે નિત નવા મશીનો, મોર્ડન ઉપચાર પધ્ધતિઓ શોધાતી ગઈ તેમ તેમ અવનવા રોગો પણ પોતાનો પ્રભાવ બતાડતા રહે છે. જે અગાઉ અસાધ્ય રોગ ગણાતા હતા એ હવે ઈલાજના બળે મટે છે તો તેની સામે બીજા નવા રોગો પોતાનો પ્રભાવ પ્રસરતા રહ્યાં છે.

આવી જ રીતે સંદેશ વ્યવહારમાં ટેક્નોલોજીના પ્રતાપે ચોવીસ કલાકે સૌ એકબીજાના સંપર્કમાં રહી શકે છે. લાંબે-નજીક રહેતા વીડિયો કોલ દ્વારા એકબીજાને જોઈને વાર્તાલાપ કરી શકે છે. વોટસએપ જેવા ચર્ચાના ચોતરામાં પોતાના સર્કલ સાથે વિચારો ચિત્રો, કે પ્રસંગ ફિલ્મો દ્વારા નિકટમાં રહે છે.

સોશિયલ મીડિયાનો છંદ દિવસો દિવસ વધતો જાય છે. ખાસ કરીને મહિલાઓ અને યુવાવર્ગમાં વોટસએપ, ઈન્ટસ્ટ્રાગ્રામ, ફેસબુક, ટિવટર, હાઈક તેમજ અન્ય એવા કેટલાય એપ દ્વારા સંદેશા કે માહિતીની આપ લે સાથોસાથ મનોરંજનનો આનંદ પણ માણી શકે છે. આ બધા એવા માધ્યમ છે જેમાં અજાણી વ્યક્તિ સાથે વાતચીત થઈ શકે છે. આ બધી ટેક્નોલોજીના બે પાસાં છે નેગેટિવ અને પોઝિટિવ.

જે કામ કરવામાં જે માહિતી, ડોક્યુમેન્ટ થિયરી સામેની વ્યક્તિને પહોંચાડવા કલાકો કે દિવસો લાગી જતા એ કામો હવે ઝડપી અને સુલભ રીતે થવા લાગ્યા છે. સોશિયલ મીડિયાના માધ્યમથી સારા વિચારો, ઉપદેશ અને હકારાત્મક વાતોને સંદેશાઓ ઝડપથી સૌને આપી શકાય છે. તો અફવા કે નિંદાભરી, ટીકાત્મક વાતો, ઘડમાથા વગરના સંદેશાઓ આ માધ્યમ દ્વારા ઝડપથી પ્રસરાવી શકાય છે. હાલમાં જ કાશ્મીરમાં તથા દેશભરમાં તંગદિલી ફેલાવવા કે સરકારના વિરોધમાં ઝડપી રીતે કોઈપણ નેગેટિવ સંદેશ પ્રસરાવી ટોળા રસ્તા પર જમા કરી હિંસા માટે ઉશ્કેરવું સહેલું પડે છે. આવા તોફાની ગેરસામાજિક તત્વો આ ટેક્નોલોજીના માધ્યમનો ઉપયોગ કરી દેશભરનો માહોલ ખરાબ કરી શકે છે.

ખાસ કરીને આજની યુવા પેઢી સમજી, વિચારીને સોશિયલ મીડિયાનો ઉપયોગ કરે તો એમને માટે સારું રહેશે. વડીલોએ પણ પોતાના સંતાનો-દીકરીઓને આ બાબતે સમજણ આપે એ જરૂરી છે.

- જય જ્ઞાતિમૈયા

# સમસ્યાઓ સામનો કરવાથી હળવી થાય

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

આપણા રોંજિંદા જીવનમાં કોઈપણ નાની મોટી ઘટના આપણી આસપાસ બને પછી ચાહે તે કુટુંબમાં હોય, વ્યવસાય કારોબારમાં હોય કે પાસ પડોશ પરિવારમાં અથવા તો રોજ આવવા જવા પ્રવાસ દરમ્યાન બસ ટ્રેનમાં થઈ હોય. ત્યારે ધ્યાન રાખવા જેવી વાત એ હોય છે કે એ પ્રશ્નને આપણે વધુ જટિલ બને, વધુ જલદ અને વધુ જણ એમાં સંડોવીએ છીએ કે તેને હળવો બનાવવા પ્રયત્ન કરીએ છીએ કે તે જલદીથી જલદી શાંત પડી જાય. એનું સમાધાન થઈ જાય તે તરફ આપણે ચાંપતા પગલા લઈ તે પ્રોબ્લેમ હળવો કરવા પ્રયત્નશીલ રહીએ છીએ.

બહુધા જણની આદત હોય છે કે નાની વાતને મોટું સ્વરૂપ આપી દે છે. ઘરમાં કોઈ નાનો એકસિડન્ટ થયો હોય અને રોદણાં મોટા રડશે. નસીબ ને દોષ આપશે. ક્યા વ્યક્તિનો આજે મોંઢું જોયું કે આ આફત ત્રાટી એ પ્રકારે વિલાપ કરશે અથવા તો જાતજાતની અન્ય વ્યક્તિઓને સંડોવી તેના પ્રત્યે શંકા વ્યક્ત કરશે કે આ પનોતીને કારણે આજનો દિવસ જોવો પડ્યો. ઘરમાં સામાન્ય પ્રશ્નોથી લઈને ગંભીર પ્રકારના પ્રશ્નો સમયાંતરે ઉદ્દભવતા હોય છે. આર્થિક વ્યવહારિક ઉપરાંત વ્યવસાયિક રીતે અઢળક પ્રશ્નો દિવસે ન ઉદ્‌ભવે એટલા રાતે ઉદ્‌ભવતા હોય છે. તેથી નાસી પાસ થવાથી કંઈ થવાનું નથી. બેબાકળા થવાથી સમસ્યાનું સમાધાન મળવાનું નથી. સમસ્યાના ઉકેલ માટે પ્રથમ એનું પગલું છે ઉકેલનું. સમસ્યા જેવી છે તેનો સ્વીકાર કરો. ત્યાર પછી શાંત ચિતે તેને હળવી બનાવવા પ્રયત્નો કરો.

સંયુક્ત કુટુંબ અત્યારે હોય પણ ભવિષ્યમાં તેનું સ્વરૂપ અલગ હોવાનું જ, સંતાનો મોટા થાય તેમ તેમ કુટુંબમાં સમયાંતરે પરિવર્તન આવવાનું છે. સંતાનો ઉચ્ચ શિક્ષણ માટે વિદેશગમન કરે, વ્યવસાય કારકિર્દીના ઉજવળ ચાન્સ માટે પરદેશ પસંદ કરે એટલે માવતરને છોડીને દૂર જાય. એ ગાળો ટૂંક સમયનો પણ હોય ને દીર્ઘકાળનો પણ હોય. પક્ષીના બચ્ચાંની તરેહ પાંખ આવે એટલે મુક્ત ગગનમાં વિચરે એમ સંતાનો પોતાના ભવિષ્ય બનાવવા પોતાની રીતે નિર્ણય લે. ત્યારે આપણી ભાવના તેઓ સુખી રહે, ઉચ્ચ શિખરે બિરાજે એવી ઈચ્છા તાણ અશાંતિ ઓછી કરે.

એ જ પ્રકારે જીવન સાથી પસંદગીના પ્રશ્ને પણ તેમની ઈચ્છાને અનુરૂપ આપણને ઢાળવું એ ઘર્ષણ ટાળવાનો તરીકો છે. આપણી ભાવના-ઈચ્છા એ બાબતે જાણ કરી દેવી જોઈએ. એ જ પ્રકારે આર્થિક આયોજન, મકાન-મિલ્કતની ખરીદી મૂડીનું રોકાણ વિગેરે બાબતે આપણા વિચારો આપણા સંતાનો પર કે કોઈ અન્યો પર થોપી દેવા ન જોઈએ. દુઃખ, દર્દ, અસંતોષ, અલગાવ, અહંકાર ભાવ અંદરો અંદર પાળીને પોષવા ન જોઈએ પડશે તેવા દેવાશે એ સ્પષ્ટ ભાવ રાખવો જોઈએ. ભવિષ્યકાળને નજરમાં રાખી. ભૂતકાળના પાઠને યાદ કરી વર્તમાનમાં જીવવા જોઈએ. અઢળક પ્રશ્નો નીચે દબાઈને નહીં પણ તેની પર અસવારી કરી જીવનને માણવું જોઈએ.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# મુમુક્ષુ કુ.હીરલ શૈલેશ પીરનું પ્રવજ્યા પંથે શુભ પ્રયાણ અવસરે શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપના આંગણે આત્માપર્ણમ પંચાન્હિકા મહોત્સવનું ભવ્ય આયોજન થયું













શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ શ્રી અનંતનાથ ટ્રસ્ટ દ્વારા શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ ભાંડુપના આંગણે તા.૨૦ નવેમ્બર બુધવારથી તા.૨૪ નવેમ્બર રવિવાર સુધી પંચાન્હિકા મહોત્સવ આત્માર્પણનું આયોજન વિનિતા નગરી, વિલેજ રોડ, ભાંડુપ વેસ્ટ મધે ભવ્ય રીતે થયું.

આ મહામહોત્સવમાં મુમુક્ષુ હીરલબેન શૈલેશ પીર-દિગ્રસની દીક્ષા તથા પ.પૂ.સાધ્વીશ્રી કલ્પપ્રિયાશ્રીજી મ.સા.ની ૧૦૦ આયંબિલ ઓળીના પારણાનો લાભ મળ્યો. કાર્યક્રમના આયોજનમાં સોનામાં સુગંધ મળેલ શ્રી દશાઈ જ્ઞાતિના ગૌરવ, સૌના માતૃ હૃદયા અને લાડીલા પ.પૂ.સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા.ને અચલગચ્છાધિપતિ આ.ભ.ના વરદ હસ્તે પ્રવર્તિની પદવી એનાયત કરાઈ. આ ત્રિવિધ લાભ ભાંડુપ સંઘ ધન્ય રીતે પ્રાપ્ત થયો.

મંગળવાર તા.૧૯ નવેમ્બરના સવારે અચલગચ્છાધિપતિ મ.સા.નો મહોત્સવ નિશ્રા માટે ભવ્ય રીતે વાજતે ગાજતે પ્રવેશ થયો. સંઘના ૨૫૦ થી વધુ ભાવિકજનોએ સાહેબજીનું હરખભેર સામૈયું કર્યું. ત્યારબાદ માંગલિક વ્યાખ્યાન નવકારશી થઈ.

તા.૨૦ નવેમ્બર બુધવારના સવારના ભવ્ય સ્નાત્ર પૂજા શ્રી આદિનાથ પંચકલ્યાણક પૂજા અને સાંજે ૭ કલાકે શ્રી અનંત મિત્ર મંડળ દ્વારા શ્રી મહાકાલી માતાજીની ભક્તિ ભાવના ભણાવાઈ હતી.

# મુમુક્ષુ કુ.હીરલ શૈલેશ પીરનું પ્રવજ્યા પંથે શુભ પ્રયાણ અવસરે શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપના આંગણે આત્માપર્ણમ પંચાન્હિકા મહોત્સવનું ભવ્ય આયોજન થયું













તા.૨૧ નવેમ્બર ગુરૂવારના વિનિતા નગરી ગ્રાઉન્ડમાં સવારે ૯ કલાકે વર્ધમાન શક્રસ્તવ અભિષેકમાં ૫૫૦ થી ૬૦૦ જણ એ લાભ લીધો. બપોરે ૨ કલાકે સંયમ વસ્ત્ર રંગોત્સવ કેસરિયો રંગ જિન શાસનનો આપજો જેમાં પ.પૂ.સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા. તથા મુમુક્ષુ દીક્ષાર્થીના સંયમ વસ્ત્રો ઉપર રંગોત્સવ થયો જેનો ધન્ય લાભ ૪૦૦ થી ૪૫૦ જણએ લીધો હતો. સાંજે ૭ કલાકે ભાંડુપ સંઘના ૫ વર્ષથી ૮૫ વર્ષના વૃધ્ધા માજીના સાંસ્કૃતિક કાર્યક્રમ અને બે નાટિકાનું જોરદાર રીતે મંચન થયું.

તા.૨૨ નવેમ્બર શુક્રવારના સવારના ૭ કલાકે શ્રી આદિનાથ જિનાલયથી રજવાડી વરસીદાનનો વરઘોડો નિકળ્યો ત્યાર પછી નવકારશી હીરાનગરીમાં થઈ પછી બેઠું વરસીદાન પૂજ્ય સાહેબનું વ્યાખ્યાન થયું. બપોરે આયંબિલનું આરોહણ અંતર્મખનું પ્રરોહણ પદમ આર્ટસના ચેતનાબેન હરીયા દ્વારા પ્રસ્તુત થયું. સાંજના ૭ કલાકે અલવિદા પ્યારા પરિવારને મુમુક્ષુ હીરલબેનનો વિદાય સમારંભ દીક્ષા થવા પહેલાનો છેલ્લો દિવસ મૌલિકભાઈ શાહ, પારસ ગડાએ રજૂ કર્યું હતું.

# મુમુક્ષુ કુ.હીરલ શૈલેશ પીરનું પ્રવજ્યા પંથે શુભ પ્રયાણ અવસરે શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપના આંગણે આત્માપર્ણમ પંચાન્હિકા મહોત્સવનું ભવ્ય આયોજન થયું









શનિવાર તા.૨૩ નવેમ્બર સવારે ૮ કલાકે મુમુક્ષુ હીરલબેન પીરની દીક્ષા વિધિનો કાર્યક્રમ થયો. પ્રવજ્યા પંથે શુભ પ્રયાણ નરેન્દ્રભાઈ નંદુ-કચવન્ન-મેઘ-જય નંદુએ સંચાલિત કર્યો. દીક્ષા મહોત્સવ યુટ્યૂબ ઉપર લાઈવ હતું જેને ૧૮ હજાર વ્યૂઅર્સએ જોયું હતું. આ માટેની લિંક પાના નં.૮ ઉપર આપી છે. પરમ પૂજ્ય અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞા આશિષે અને શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ જૈન સંઘના ઉપક્રમે શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ, શ્રી અનંતનાથ ટ્રસ્ટ અને શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપના સાંનિધ્યમાં તેરાના આણંદ પરિવારના માતુશ્રી મોંઘીબાઈ ડુંગરશી દંડની ૮૧ વર્ષની વય અને ૬૫ વર્ષનો દીર્ઘ દીક્ષા પર્યાય ધરાવતા સંસારી દીકરી, ગુરૂમૈયા પ.પૂ.સાધવીશ્રી પુષ્પાશ્રીજી મ.સા.ના પરમ શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા.ને પ્રવર્તિની પદની મહા પદવી પૂજ્ય સાહેબને હસ્તે પ્રદાન થઈ. જેનાથી ગુરૂભક્તો અને સમસ્ત દશા જ્ઞાતિને હરખ અને ગૌરવ થયું. આ પ્રસંગે ૨૫૦૦ થી ૨૬૦૦ જણની ભવ્ય હાજરી રહી હતી અને ૨૩૦૦ જેટલાએ સાધર્મિક ભક્તિનો લાભ લીધો હતો. સાંજના ૭ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમની રજૂઆત અને દાતાશ્રીઓનું ભાવ પૂર્ણ રીતે અભિવાદન કરાયું હતું.

તા.૨૪ નવેમ્બર રવિવારે પ.પૂ.સાધ્વીશ્રી કલ્પપ્રિયાશ્રીજી મ.સા.ની ૧૦૦મી આયંબિલ ઓળીનું પારણું સવારે ૯ થી ૧૧.૩૦ દરમ્યાન કરવામાં આવ્યું. આ પ્રસંગે સમગ્ર મુંબઈના ૧૦૦ જેટલા ભાવિકોએ આયંબિલની ઓળી ઉપાડી હતી તેમનું પણ પારણું કરાવવામાં આવ્યું અને અનુમોદના કરાઈ હતી. આ કાર્યક્રમમાં ૧૨૦૦ જણાઓએ હરખ ભેર ભાગ લીધો હતો. આમ ભાંડુપ સંઘના આંગણે પાંચ દિવસનો ધર્મ-ભક્તિભાવનો કાર્યક્રમ ભવ્ય ઉત્સાહ સાથે પૂર્ણ થયો હતો.

ભાંડુપ સંઘના પ્રમુખ અને મુંબઈ મહાજન ધાર્મિક સમિતિના કન્વીનર મનોજભાઈ દામજી લોડાયા આવેલ સૌનો અને સર્વે કાર્યકર્તાઓનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

# મુમુક્ષુ કુ.હીરલ શૈલેશ પીરનું પ્રવજ્યા પંથે શુભ પ્રયાણ અવસરે શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપના આંગણે આત્માપર્ણમ પંચાન્હિકા મહોત્સવનું ભવ્ય આયોજન થયું








**દિક્ષાર્થી મહોત્સવ દિવસની યુટ્યૂબ લિન્ક પર કલીક કરો**

# શ્રી ક.દ.ઓ.જૈન નલિયાવાસી મુંબઈ ચેરિટેબલ ટ્રસ્ટ સ્થાપિત અને સંચાલિત શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવન, નલિયા

## માદરે વતન કચ્છની મુલાકાતે વ્યક્તિગત કે સમૂહમાં પધારતા યાત્રાળુઓ માટે ખાસ સૂચના





**અબડાસાની મોટી પંચતીર્થીના એક તીર્થ નલિયા તીર્થ મધ્યે શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવનમાં રોકાણ કરી. પંચતીર્થીઓના અન્ય તીર્થ, માતાના મઢ, નારાયણ સરોવર કોટેશ્વર તથા પોતાના ગામની મુલાકાતે જવા આવવા સરળતા સાથે સુવિધાજનક ઉતારા માટે એક માત્ર સંકુલ જેની વિશિષ્ટતામાં**

- કોઈપણ પ્રસંગના સામૂહિક આયોજન માટે સુવિધાજનક વિશાળ હોલ
- પ્રાકૃતિક શાંત વાતાવરણ, સ્વચ્છ સુઘડ એરકન્ડિશન સાથેના રૂમ
- ડબલ બેડ સાથે ડ્રેસિંગ ટેબલ વ્યવસ્થા
- બાથરૂમમાં નાહવા માટે ચોવીસ કલાક ગરમ પાણીની વ્યવસ્થા
- સેવા કાજે ચોવીસ કલાક સ્ટાફની ઉપસ્થિતિ
- અતિથિ ભવનના આતિથ્ય ઉપહારગૃહમાં સવારના ગરમાગરમ ચા નાસ્તો, બપોર-સાંજે શુધ્ધ સાત્વિક ભોજનની વ્યવસ્થા
- વિશાળ આંગણમાં ગાડી પાર્કિંગની વ્યવસ્થા. એક વારની મુલાકાત આપશે કાયમનું સંભારણું.

**: મુંબઈ કાર્યાલય :**

૧૦૯, અનુરાગ બિઝનેસ સેન્ટર, ઘાટલા રોડ, ચેમ્બુર (ઈસ્ટ), મું-૭૧. મો.નં.૯૮૨૧૦૨૭૮૭૪.

ઈમેઈલ - kdonaliyatrust@gmail.com

સ્થાનિક કાર્યાલય : મોતા ફળિયા, જૈન દેરાસરજી પાસે, નલિયા-૩૭૦૬૫૫, તાલુકા અબડાસા (કચ્છ)

ફોન નં.૦૨૮૩૧૨૨૨૨૧૫, મેનેજર પવન કુમાર સાયલા-૯૯૦૯૭૨૯૪૫૧

બેંક એકાઉન્ટ વિગત : બેંક ઓફ બરોડા, ૨૩૪/૨૩૬ નરશી નાથા સ્ટ્રીટ, ભાત બજાર, બ્રાંચ મુંબઈ-૪૦૦ ૦૦૯. સેવિંગ એકાઉન્ટ નંબર ૯૯૩૧૦૧૦૦૦૦૩૮૧૫

IFSC Code : BARB0DBBBAZ (Fifth Numeric is Number Zero)

# શ્રી મુંબઈ જ્ઞાતિ મહાજનની પાંચ વર્ષની નવી ટર્મ માટે સૌ ઉમેદવારો બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરાયા

શ્રી મુંબઈ જ્ઞાતિ મહાજનની નવી ટર્મ ૨૦૨૫-૨૦૩૦ ચૂંટણીની પ્રક્રિયા માટે ઉમેદવારી કરેલ ૪૦ ઉમેદવારોનો મુખ્ય ચૂંટણી અધિકારી ભરત શામજી છેડા, ઉપચૂંટણી અધિકારી રતિલાલ શામજી મોમાયા અને મોનેશ રીખબચંદ ધરમશીએ બિનહરીફ ચૂંટાયેલા જાહેર કર્યા છે તથા શિક્ષણ પ્રસારક ટ્રસ્ટના પ્રતિનિધિ તરીકે એક માત્ર ઉમેદવારને પણ બિનહરીફ વરાયેલા ઘોષિત કરેલ છે. જેની યાદી બાજુમાં આપેલ છે.

## શ્રી મુંબઈ મહાજનની ટર્મ ૨૦૨૫-૨૦૩૦ માટે

### વ્યવસ્થાપક સમિતિમાં નીચે મુજબના ઉમેદવારોને બિન હરીફ જાહેર કરાયા

| | |
|---|---|
| ધારિણી પ્રતાપ મોતા | સંજય રતિલાલ લોડાયા (અજાણી) |
| વિરેન્દ્ર ભવાનજી લોડાયા | પારસ પદમશી મૈશેરી |
| ભાવેશ રતિલાલ મોતા | ભાવિની મનીષ લોડાયા |
| વિજય વસનજી સોની | કવિતા કલ્પેશ ધરમશી |
| મુકેશ ભવાનજી લોડાયા | રાજેશ રાયચંદ છેડા |
| રાજુલ ભદ્રેશ પટેલ | મનીષા ચેતન શાહ (પોલડિયા) |
| વિપુલ મણીલાલ પોલડિયા | જયેશ વિજય મોમાયા |
| મનોજ દામજી લોડાયા | દેવેન્દ્ર શાંતિલાલ ધરમશી |
| પરેશ નારણજી ગોસર | ગુલાબ ડુંગરશી ધરમશી |
| વિપુલ કાંતિલાલ લોડાયા | વિરચંદ નરશી લોડાયા |
| અભય પદમશી ખોના | વિપુલ વાલજી ખોના |
| રાજેશ જયંતીલાલ લોડાયા | ભૂપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા |
| પંકજ મણીલાલ પોલડિયા | કલ્પેશ નિરંજન મોમાયા |
| મનીષા મિતેષ લાલકા | રોહિત તેજપાલ ધરમશી |
| વર્ષા લક્ષ્મીચંદ લોડાયા | નિતેશ મુલજી ગોસર |
| અલકા ચેતન ભેદા | સનત કુંવરજી ખોના |
| કુમાર બાબુભાઈ દંડ | અનુજ ગિરીશકુમાર લોડાયા |
| લોપા હીમાંશુ નાગડા | ધર્મિતા અનુજ લોડાયા |
| નયન અશોક ભેદા | મયૂર મોતીલાલ લોડાયા |
| ચેતન મેઘજી મોતા | દિનેશ રામજી લોડાયા |

## શિક્ષક પ્રસારક ટ્રસ્ટના પ્રતિનિધિ ટર્મ ૨૦૨૫-૨૦૩૦ માટે

### બિન હરીફ ચૂંટાયેલા જાહેર કરાયા

હિનેશ ભવાનજી લોડાયા

# સંજીવની કેસ નં.૧૬૨ માટે જરૂરી ભંડોળ મળી જતાં ક્રાઉડ ફંડિગ બંધ કરાયું




કોટડા–રોહા–કોઠારાના ૮ વર્ષીય જશ મેહુલ શાહ–વિકમશીને જન્મ સમયથી હૃદયની જટિલ ખામી છે. જે તકલીફને કારણે અનુસંગી હાર્ટ સર્જરી કરી ઈલાજ કરવું જરૂરી હોવાનુ ડોક્ટરોએ નિદાન કર્યું જેનો અંદાજિત ખર્ચ રૂા.૧.૫૦નો અપાયો હતો. પિતા કચ્છમાં દેવકા ફાર્મ્સમાં કામ કરી લઘુતમ વેતન રળે છે અને પરિવારનો ગુજારો કરે છે. પરિવારનું નથી કોઈ મેડિક્લેઈમનું પીઠબળ કે નથી કોઈ બચત. એને કારણે પોતાના બાળકના ઈલાજ માટેની રકમ મેળવવા સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના અંતર્ગત અરજી કરી. દરેક કાગળ પત્ર સબમીટ કર્યા.

દરેક કાગળ–દસ્તાવેજનો અભ્યાસ બાદ સંભવિત ખર્ચ રૂા.૧.૫૦ મેળવવા અરજી ક્રાઉડ ફંડિગ માટે મૂકાઈ. જેનો ટૂંકા સમય ગાળા દરમ્યાન જ સુખદ નિવડો થઈ ગયો અને જોઈતી રકમ જમા થઈ જતાં સદર કેસ અરજી નં ૧૬૨ ક્રાઉડ ફંડિગમાંથી પાછો લઈ લેવાયો.

આજ સુધીના દરેક કેસ અરજીનો સવેળાએ ઉકેલ થયો એ રાહે આ વખતની અરજી નં.૧૬૨નો નોંધપાત્ર સમયમાં જ નિવેડો થઈ ગયેલ. જેનો દરેક દરેક યશ ઉદારદિલ દાતાઓ, મહાજન, મંડળો, પરિવાર, સંસ્થા, ટ્રસ્ટના સહકાર, સાથ અને ઉદાર ભાવ મદદથી વીકમશી પરિવારના લાડકવાયા પુત્રની ઈલાજ માટેની રકમ વહેલાસર પહોંચાડી શક્યા છીએ.

સૌ સખી (દાની–ઉદાર) માનવતા લક્ષી મોભીજનો, શ્રેષ્ઠીઓની અઢળક અનુમોદના.


॥ वंदे श्री ऋषभं वीरं ॥
JITO
JITO CENTER FOR EXCELLENCE
Heartiest Congratulations
LEADING WITH VISION
Introducing
SECRETARY
JITO Center for Excellence
Apex 2024-26
CHANDNI LALKA
(JITO Navi Mumbai)
हर कदम प्रगति की ओर : SKILL4SUCCESS
Minal Khona
Director in Charge
Aasit Shah
Chairman

# JITO સેન્ટર ફોર એક્સેલન્સ એપેક્ષ ૨૦૨૪-૨૦૨૬ના સેક્રેટરી તરીકે શ્રીમતી ચાંદની પરેશ લાલકાની નિમણુંક થઈ



મૂળ કચ્છ લાલા હાલે વાશી-નવી મુંબઈના શ્રીમતી ચાંદની પરેશ લાલકાની વરણી JITO સેન્ટર ફોર એક્સેલન્સ એપેક્સ (નેશનલ) ૨૦૨૪-૨૦૨૬ના ટર્મ માટે સેક્રેટરી પદે નિયુક્ત થઈ છે. જેના ડાયરેક્ટર ઈનચાર્જ એડવોકેટ મિનલ ખોના તથા ચેરમેન અસિત શાહ છે.

ગતિશીલતા, બહોળો અનુભવ અને સેવા સમર્પિત ભાવનાથી JITO સંગઠનને સમગ્ર ભારતભરમાં દરેક ખૂણે ખૂણે તેનો પ્રસાર કરી અદના લોકોને તેનો લાભ પહોંચાડશે એવી શુભેચ્છા સાથે પદ નિયુક્તિ બદલ હાર્દિક અભિનંદન.

# મુમુક્ષુ હીરલબેનની દીક્ષા પ્રસંગે ભાંડુપમાં શ્રી મહાકાલી માતાજીની ભાવના થઈ

બાયઠ-દિગ્રસના મુમુક્ષુ કુ.હીરલ શૈલેશ પીરની દીક્ષા પ્રસંગે ભાંડુપમાં શ્રી અનંત મિત્ર મંડળે અચલગચ્છ અધિષ્ઠાયિકા શ્રી મહાકાલી માતાજીની ભાવના ભણાવી હતી. ધર્મ-ભક્તિના આ કાર્યક્રમ આયોજનનો મોટી સંખ્યામાં ભાવિકજનોએ ધર્મ લાભ લીધો હતો. ભક્તિની રંગત માણી હતી.






# સમસ્ત કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના છેડા ગૌત્રના કુળદેવી શ્રી અંબા માતાની ૨૯મી સમૂહ પહેડીનું આયોજન હર્ષપૂર્ણ રીતે સંપન્ન





તા.૨૪ નવેમ્બર રવિવારના સવારે ૯ કલાકથી સારસ્વતવાડી, ઝવેર રોડ, મુલુંડ વેસ્ટ મધે સમસ્ત ક.દ.ઓ. જ્ઞાતિના છેડા ગૌત્રના કુળદેવી શ્રી અંબા માતાની સમૂહ પહેડીનું આયોજન કરાયું હતું. પહેડી કાર્યક્રમમાં છેડા ગૌત્રના પરિવારજનો અને પરિવારની નિયાણીઓ મોટી સંખ્યામાં પધાર્યા હતા અને ધન્ય લાભ લીધો હતો.

સવારે ૯.૧૫ કલાકે જગદીશભાઈ ભૈયાજીના હસ્તે માતાજીની સ્થાપના, કુંભ સ્થાપના, ગણપતિજીની સ્થાપના અને અંબા માતાજીની સ્થાપના કરવામાં આવી હતી. હાજર રહેલ સર્વે ભાઈ બહેનોને સ્થાપનાનો લાભ આપવામાં આવેલ.

ત્યારબાદ સવારે ૧૦.૧૫ કલાકે સંગીતકાર જે.કે.શાહએ ભક્તિ સંગીતની રમઝટ લગાવી હતી. જેમાં બહેનોએ





# સમસ્ત કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના છેડા ગૌત્રના કુળદેવી શ્રી અંબા માતાની ૨૯મી સમૂહ પહેડીનું આયોજન હર્ષપૂર્ણ રીતે સંપન્ન





હોંશપૂર્વક રાસ ગરબા લઈ માતાજીની ભક્તિ કરી હતી. બપોરે ૧૨ કલાકે પહેડી ચડાવાની બોલી બોલવામાં આવી હતી. આ વર્ષે જોગાનુજોગ પાંચ ચડાવા હતા. સર્વ પ્રથમ ફૂલહારનું છતરનું, ચૂંદડી, પહેડી પ્રસાદ અને આરતીના આ ચડાવા સુથરી ગામવાસીઓને ફાળે ગયેલ. પહેડીમાં એકંદરે ૨૫૦ જેટલા ભાઈ બહેનો હાજરી આપી હતી.

છેડા ગૌત્રના સંતાનો તેમજ નિયાણી બહેનોના સંતાનો જેમણે ધોરણ ૧ થી ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ સારા માર્કસ મેળવી ઉત્તીર્ણ કરેલ તેઓનું તથા ભાવિકજનોએ અઠાઈ કે એનાથી મોટા તપ કર્યા હોય તેઓનું તેમજ ૧૨ વર્ષથી નાના ભૂલાકઓ એ અઠ્ઠમ તપ કર્યા હોય તેમનું બહુમાન સન્માન કરાયું હતું.

પહેડીમાં નોંધનીય હકીકત એ રહી હતી કે પહેડી કાર્યક્રમની શરૂઆતે જે પાંખી હાજરી હતી તે પછીથી મોટી સંખ્યામાં ભાવિકો હાજરી આપી હતી. કાર્યક્રમનું સુંદર પૂર્ણ સંચાલન જયંતભાઈ છેડા અને દામજી છેડાએ કરેલ.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# સમસ્ત મહાજનની B2B કમિટીના બિઝનેસ વોટસઅપ ગ્રુપ ફેસબુકમાં જોડાઈ વ્યાપારનો વ્યાપ વધારો

કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના વ્યવસાયિકો આપેલ લિન્ક દ્વારા વોટસએપ ગ્રુપમાં જોડાઈ વ્યાપારનો પ્રસાર વધારો. આ વોટ્સએપ બિઝનેસ ગ્રુપનો ઉદ્દેશ જ્ઞાતિજનોના અરસ પરસ વ્યાપાર વિકસે અને મહતમ ખરીદી/વેચાણને પ્રથમ પસંદગી ફક્ત કેડીઓને મળે એ છે. ચાલો નાનાને પ્રોત્સાહન આપીએ તેને ઉપર લાવીએ. તેના વ્યાપારની પ્રગતિ કરીએ.

વોટસએપ ગ્રુપમાં ૧000 જેટલા સભ્યો જોડાયા છે. જ્યારે ફેસબુક ઉપર ૫૫00 જેટલા સભ્યો છે.

**વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે આ લીંક પર કલીક કરો**

**ફેસબુકમાં જોડાવવા માટે આ લીંક પર કલીક કરો**

# શ્રી ક.દ.ઓ.જૈન સંઘ કાંજુરમાર્ગ અનંતનાથ કોમ્પલેક્ષમાં નૂતન દિક્ષિતા મહારાજ સાહેબ પ્રથમ વિહાર કરી પધાર્યા







અચલગચ્છાધિપતિના આજ્ઞા વર્તીના પ.પૂ.સાધ્વીશ્રી વિશ્વ કીર્તિશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી સંયમપ્રિયાશ્રીજી મ.સા. તેમના શિષ્યા નૂતન દિક્ષિતા પ.પૂ.સાધ્વીશ્રી હિતાત્માપ્રિયશ્રીજી મ.સા. ભાંડુપ બાદ પ્રથમ વિહાર શ્રી ક.દ.ઓ. જૈન સંઘ કાંજુરમાર્ગના અનંતનાથ કોમ્પલેક્ષમાં પધરામણી કરી હતી.

# તિરૂપુર નગર સંઘમાં પ.પૂ.આ.ડૉ.શ્રી હર્ષનિધિશ્રીજી મ.સા. આદિઠાણાનું ચાતુર્માસ પરિવર્તન





તા.૧૭ નવેમ્બર રવિવારના દક્ષિણ ભારતના તિરૂપુર નગર સંઘના શ્રી સુવિધિનાથ દેરાસરમાં ચાતુર્માસે બિરાજમાન પ.પૂ.સાધ્વી ડૉ.શ્રી હર્ષનિધિશ્રીજી મ.સા. આદિઠાણાનું ભવ્ય ચાતુર્માસ પૂર્ણ થયું. તેમનું સ્થાન પરિવર્તનનો કાર્યક્રમ ભવ્ય ભાવ સાથે થયો. સવારે ૬ વાગે પ્રભુજીનું શક્રસ્તવ અભિષેક બાદ ૬.૩૦ કલાકે શ્રી સુવિધિનાથ દેરાસરથી સકલ સંઘે વાજતે ગાજતે માતુશ્રી રશ્મિબેન બુધ્ધિધન મોમાયાના નિવાસ સ્થાને ૭.૩૦ વાગે પહોંચ્યા. ત્યાં ચાતુર્માસ પુર્ણાહૂતિનું પ્રવચન સાથે ગુરૂ પૂજન અને માંગલિક સંભળાવ્યું. ત્યારબાદ પધારેલ સકળ સંઘને માટે નવકારશી અને રૂા.૧૦નું સંઘપૂજન માતુશ્રી રશ્મિબેન બુધ્ધિધન મોમાયા પરિવાર તરફથી કરવામાં આવેલ. શ્રી સુવિધિનાથના ટ્રસ્ટીઓએ માતુશ્રી રશ્મિબેન બુધ્ધિજન મોમાયા પરિવારની અનુમોદના કરેલ હતી.



# Anumodana

## Sanjivani Case - 161

**Name: Mr. Atul Lalji Patel (Momaya),** **Age : 57 yrs.** **Village: Sayra - Rajkot**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj jain Temple & Its Sadharan Fund Trust, Mumbai | 15,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli - Mumbai | 50,000.00 |
| **Emerald Patron** | |
| M/s. Vikamshi Fabrics Pvt. Ltd. Khamgaon | 4,500.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri KDO Sayera Mahajan | 50,000.00 |
| Shri Sayera Charitable Trust | 50,000.00 |
| Shri KDO Jain Sangh Pune Committee, Pune | 9,000.00 |
| Shri Dakshin Bharat KDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri KDO Masjidbunder Jain Sangh, Mumbai | 2,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Gandhidham | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shree Tekuladhu Jain Yuvak Sangh Mumbai | 2,000.00 |
| M/s. Deluxe Logistics Pvt. Ltd., Bangalore ( Shri Kirti Dhanji Dharamshi) | 2,000.00 |
| **Individual Donors** | |
| Shri Vijay Shantilal Shah, Jakhau - Indore | 1,00,000.00 |
| Well Wisher ( A Silent Donor) | 71,000.00 |
| Ek Sadgrahastha | 50,000.00 |
| Shrimati Gitaben Harish Lodaya, Sayera - Raipur | 50,000.00 |
| Shri Devansh Pomesh Momaya, Sayera - Ghatkopar | 11,000.00 |
| P.P.Pitashri Sanghvi Ratanshi Kunverji Lodaya - Sayera (H: Smt. Shoba Lalit Nagda , Naliya - Dombivli) | 11,000.00 |
| Shrimati Alpaben Gautam Dharamshi, Kothra - Bangalore | 10,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Shri Yash Dhirish Dharamshi, Bijapur | 5,000.00 |
| Kumari Hiral Pradip Lodaya, Sayera - Coimbatore | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 5,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 5,000.00 |
| Shri Yuvraj Khona | 5,000.00 |
| Shri karan Girish Meisheri | 3,000.00 |
| Shrimati Darshana Bharat Dagha, Bangalore | 3,000.00 |
| Shrimati Leelavantiben Navinchandra Lodaya, Nani Khavdi - Coimbatore | 2,500.00 |
| Shri Girish Jivraj Desai (Lapasiya), Sayera - Raichur | 2,000.00 |
| Shrimati Sarla Lalji Lodaya, Varapadhar - Dombivli | 2,000.00 |
| Shri Bharat Thobban Lodaya, Calicut | 1,001.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey | 1,000.00 |
| Shri Nitin Raichand Shah, Suthari - Deolali | 1,000.00 |
| Shri Rajendrakumar Umarshi Desai (Lapasiya), Sayera - Raichur | 1,000.00 |
| Shri Deepesh C. Shah | 1,000.00 |
| Shrimati Hemlata Zaverchand Lalka, Varapadhar - Ghatkopar | 1,000.00 |
| Shri Jitesh Sharadchandra Momaya, Adipur | 1,000.00 |
| Shri Amit Jethalal Khona, Dombivli | 1,000.00 |
| Shri Shrikant Bankimchand Shah, Raichur | 500.00 |
| Previous Case No. 157 Balance | 48,999.00 |
| Previous Case No. 160 Balance | 18,000.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

## Sanjivani Case - 162

**Name: Master Jash Mehul Shah (Vikamshi), Age : 8 yrs. Village: KotdaRoha - Kothara**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj jain Temple & Its Sadharan Fund Trust, Mumbai | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli - Mumbai | 20,000.00 |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri Dakshin Bharat KDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 2,500.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| M/s. Deluxe Logistics Pvt. Ltd. ( Shri Kirti Dhanji Dharamshi), Bangalore | 2,000.00 |
| **Platinum Patron** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 2,500.00 |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 2,500.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 2,500.00 |
| **Diamond Patron** | |
| Smt. Jayuben Ramesh Momaya, Naliya, Atlanta | 2,000.00 |
| Matushri Damyantiben Champshi Lodaya, Sandhav, Ghatkopar, Mumbai | 2,000.00 |
| Late Matushri Bhanumati Manilal Dhulla & Late Shri Manilal Shivji Dhulla ,Suthri-Mulund (H:Nirenbhai Shah) | 2,000.00 |
| Late . Kumar Dhaval Mayur Lodaya , Motikhavdi, Ghatkopar ( H: Jayaben Motilal Lodaya Pariwr ) | 2,000.00 |
| Shree KDO Classic Foundation, Mumbai | 2,000.00 |
| Kumari Chandni Milan Maheshwari, Jakhau - Pune | 2,000.00 |
| Shrimati Hansha Shah,Naliya, Mahalaxmi ( H: Nirupamaben) | 2,000.00 |
| Well Wishers (Ek Sadgrahasth) | 2,000.00 |
| Shrimati Rita Manikant Lodaya | 2,000.00 |
| **Gold Patron** | |
| Shrimati Rekhaben Virendra Lodaya ( Shah ), Varadia - Juhu | 2,000.00 |
| Shrimati Deenaben Janak Daulat , Suthri - U.S.A. | 2,000.00 |
| Matushri Ratanbai Jethabhai Chheda, H: Pinakinbhai J. Chheda, Naliya - Mulund | 2,000.00 |
| Master Parth Ami Deepak Meisheri ( H: Smt. Rita Manikant Lodaya), Jakhau - Mulund | 2,000.00 |
| Shrimati Jayaben Nirenbhai Nagda Nagda, Tera ( U.S.A ) | 2,000.00 |
| Late Kumar Dhawal Mayur Lodaya( H: Matushri Jayaben Motilal Lodaya) Moti Khavdi , Ghatkopar | 2,000.00 |
| Sethshri Dhanraj Thakarshi Kurwa & Shrimati Dhanlaxmi Dhanraj Kurwa, Godhra (H: Hiten Shah) | 2,000.00 |
| Sethshri Manekji Narshi Lodaya (Babuseth) & Matushri Hirbai Manekji Lodaya, Varadia ( H: Hiten Shah) | 2,000.00 |
| Matushri Vejbai Vasanji Anandji Gala (Khajurwala), Manjal - Pune ( H: Hiten Shah ) | 2,000.00 |
| Sethshri Shantilal Jethabhai Khona & Matushri Jayabai S. Khona, Tera - Mulund ( H: Hiten Shah ) | 2,000.00 |
| Shrimati Chetna Lajesh Khona & Kalp L. Khona, Tera - Mulund ( H: Hiten Shah ) | 2,000.00 |
| Shri Yomesh Dhanraj Thakarshi Kurwa, Godhra - Gaondevi , Haste : ( Hina & Hemant M. Shah ) | 2,000.00 |
| AMVIGOR ORGANICS PRIVATE LIMITED | 2,000.00 |
| Miss Meher Jitesh Motichand Khona ( Naliya - Mulund) | 2,000.00 |
| Matushri Maniben Ramji Lodaya , Nani Khavdi , Sangli ( H: Pravinchandra & Vanrajbhai Lodaya) | 2,000.00 |
| Matushri Sonbai Trikamji Virji Soni, Vanku - Wadala | 2,000.00 |
| Shri KDO Jain Sarvoday Mandal, Mulund , Mumbai | 2,000.00 |
| **Silver Patron** | |

| | |
|---|---|
| Shrimati Harsha Vipul Momaya | 1,500.00 |
| Matushri Laxmibai Champshi Dand ( Khamgamwala), H: Smt. Nilam Lalka (U.S.A) | 1,500.00 |
| Matushri Bayabai Jethabhai Punjabhai Lodaya (Sayra) H: Shailesh Jethalal Nagda (Varapadhar) | 1,500.00 |
| Late Shri Padamshibhai Kunvarji Lalka(Shah) H: Hemlataben Padamshibhai Lodaya | 1,500.00 |
| Matushri Navalben Dhanji Nagda, Naliya ( H: Kalpnaben Raichand Mota , Kuvapadhar - Salem) | 1,000.00 |
| **General Sanjivani Patron** | |
| Smt. Maneesha Kamlesh Shah (Mota ), Aurangabad | 500.00 |
| Sethshri Ratanshi kunverji Lodaya (H: Pritesh Lalit Nagda ) | 500.00 |
| Shri Hitesh Laxmichand Soni | 200.00 |
| **Individual Donors** | |
| Shrimati Alpa Gautam Dharamshi, Kothara - Bangalore | 10,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shri Mukesh Damji Shah (Lodaya) | 2,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 3,000.00 |
| Well Wisher | 1,000.00 |
| Shri Hameer Girish Uttamchand Nagda,Naliya - Sion | 1,000.00 |
| Shri Bharat Thobban Lodaya, Calicut | 1,001.00 |
| Kumari Aashna Mitesh Lalka,Mulund | 1,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey | 1,000.00 |
| Shri Nitin Raichand Shah, Suthari - Deolali | 1,000.00 |
| Shri Rajendrakumar Umarshi Desai (Lapasiya), Raichur | 1,000.00 |
| Well Wisher | 500.00 |
| Shri Mehul Chandrakant Vinzani (Hefa) | 500.00 |
| Shrimati Pratiksha Somchand Dand, Malkapur | 300.00 |
| Shri Shrikant Bankimchand Shah, Raichur | 500.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**' (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી નવેમ્બર- ડીસેમ્બર માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૦૧ ડિસેમ્બર ૨૦૨૪ | પ્રકાશ સમીક્ષા શતાબ્દી ઉજવણી, ષણમુખાનંદ હોલ, માટુંગા, મુંબઈ. |
| તા. ૯ થી ૧૧ ડીસેમ્બર ૨૦૨૪ | મુમુક્ષુ કુ. જિનલ રવિન્દ્ર નરશી લોડાયા, નલિયા-ચોપડાનું દિક્ષા મહોત્સવ, ચાલીસગામ. |
| તા. ૧૦ ડિસેમ્બર ૨૦૨૪ | કોટડી મહાદેવપુરીમાં ધ્રોળ પરીવારના કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી તથા શ્રી વાછરા દાદા સ્થાનકે ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૨૨ ડિસેમ્બર ૨૦૨૪ | શ્રી મુંબઈ મહાજનની ચૂંટણી વિવિધ મતદાન કેન્દ્રો પર. |
| તા. ૧૧ થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ | ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ આયોજિત હલો પાન્જે વતન કચ્છ પ્રવાસ |


|| દંતાણી તીર્થ મંડન શ્રી સીમંધરસ્વામિને નમઃ ||

|| વિધિપક્ષ અચલગચ્છ પ્રવર્તક દાદા ગુરૂશ્રી આર્યરક્ષિતસૂરિ ગુરૂભ્યો નમઃ ||

શ્રી સીમંધરસ્વામિ પ્રશંસિત, મહાત્યાગી-ક્રિયોદ્ધારક, વિધિપક્ષ (અચલગચ્છ)
પ્રવર્તક પ.પૂ.દાદાગુરૂદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની જન્મ દીક્ષા ભૂમિની સ્મૃતિમાં નિર્મિત

**શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ**

**શ્રી સીમંધરસ્વામી વીશ વિહરમાન ૩૨ વિજય મહાવિદેહ તીર્થ**
**આમુલચૂલ ભવ્ય સંગેમરમર ૩૨ જિનાલય સહ**

દાદા ગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.ના ગુરૂ મંદિર (દાદા વાડી)નું જીર્ણોધ્ધાર... નવ નિર્માણ

તીર્થ સંસ્થાપક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા

તીર્થ પ્રેરક : જીર્ણોધ્ધાર માર્ગદર્શક : પુણ્ય પ્રભાવક સામ્રાજ્ય,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવનો મુહૂર્ત :**
**વિ.સં. ૨૦૮૧ મહા વદ-૧ ગુરૂવાર. ૧૩/૨/૨૦૨૫**
**આજથી જ નક્કી કરો કે તમારે દંતાણી તીર્થની મુલાકાત લેવી છે.**

ઉત્તમ ભોજનશાળા - એસી/નોન એસી આધુનિક ધર્મશાળાની પરમ સુવિધા

● સંપર્કઃ મેનેજર - ભરતભાઈ દંડ - 9929917712

સૌજન્ય : શ્રી હિતેશ ભોજરાજ નાગડા (રાપરગઢવારી-અબડાસા-કચ્છ)

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ટોકરશીભાઈ લોડાયા**
તા.૨૪ નવેમ્બર (ઉ.૮૨)
કોઠારા-ડોંબિવલી



**દિનેશભાઈ ખોના**
તા.૨૫ નવેમ્બર (ઉ.૫૩)
વરડીયા-ડોંબિવલી




**કાંતીલાલ લોડાયા**
તા.૨૫ નવેમ્બર (ઉ.૬૭)
રાપર ગઢવાલી-ઉલ્લાસનગર



**ગૌરવભાઈ નાગડા**
તા.૨૫ નવેમ્બર (ઉ.૪૪)
પરજાઉ-ભાંડુપ



**કાંતિલાલ મોતા**
તા.૨૬ નવેમ્બર (ઉ.૭૨)
કુવાપધર-મુલુંડ



**પંકજભાઈ મૈશેરી**
તા.૨૭ નવેમ્બર (ઉ.૬૯)
સાંધાણ-ઠાકૂલી



**લીલબાઈ શિયાળ**
તા.૨૭ નવેમ્બર (ઉ.૮૦)
સુજપુર-અમદાવાદ



**પુષ્પાબેન કુરૂવા**
તા.૨૭ નવેમ્બર (ઉ.૬૭)
ગોધરા-ડોંબિવલી




**પ્રેમીલાબેન લોડાયા**
તા.૨૮ નવેમ્બર (ઉ.૭૮)
રાપરગઢવારી



**ચેતનાબેન સોની**
તા.૨૮ નવેમ્બર (ઉ.૬૧)
જખૌ-પરભણી



**વિજયાબેન ધરમશી**
તા.૨૯ નવેમ્બર (ઉ.૭૩)
કોઠારા-મુલુંડ



**સુરેશભાઈ મોમાયા**
તા.૩૦ નવેમ્બર (ઉ.૭૨)
નલિયા-મુલુંડ



**નિતીનકુમાર કોઠારી**
તા.૨૭ નવેમ્બર (ઉ.૭૭)
દામજી રતનશી લોડાયા
વરાડીયાવાલા ના જમાઈ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**




● પડોશી પાકિસ્તાન સાથેની સીમાએ દેશની સરહદનું રખોપું કરતા સીમા સુરક્ષા દળના જવાનોને રાત્રે અંધારા ઉલેચી અજવાળા પાથરતી વીજળી રૂપી સેવાને આડે હમેંશા અત્રેના વાતાવરણનો અવરોધ આવતો રહેતો હતો. રણ અને દરિયાઈ ખારાશ, ક્ષાર તથા ભારે ફૂંકાતા ગરમ પવનના કારણે થાંભલા ઉપરથી પસાર થતી વીજ લાઈન કે ભૂર્ગભ કેબલમાં વારંવાર નુકસાની થતી હોવાથી સળંગ વીજ પુરવઠો સરહદી ચોકીઓને આપવામાં મુશ્કેલી નડતી હતી. જેના ઉકેલ રૂપે પીજીવીસીએલના ઈન્જિનીયરો દ્વારા નવી ડિઝાઈન બનાવી જેને માન્યતા મળતા એલિવેટેડ કેબલ દ્વારા રણ દરિયાના ક્ષારના આક્રમણ સામે ટકી શકે તેવી નવી તકનીક સાથે વીજ પુરવઠો આપવાના પ્રકલ્પને મંજૂરી મળી છે. આમ સુઈ બોર્ડરથી હરામી નાળા સુધી ૨૦ કિ.મી.ના સીમાએ અખંડ વીજ પહોંચાડાશે.

● આઝાદીની ચળવળમાં ભાગ લઈને દેશવાસીઓને પ્રેરણા આપી ચૂકેલા માંડવી કચ્છના સપૂત પંડિત શ્યામજી કૃષ્ણ વર્માનું સ્મારક ઈન્ડિયા હાઉસની પ્રતિકૃતિ સમાન મસ્કા પાસે ભવ્ય બનાવવામાં આવ્યું છે. પરંતુ માંડવીમાં તેમના જન્મસ્થાનની દુર્દશા સામે ધ્યાન નથી અપાતું. આ અહેવાલ પ્રસરતા જીએમડીસીની ટીમ નિરીક્ષણ સ્થળ નિરીક્ષણ કરવા પહોંચી હતી અને તમામ પાસાનો અભ્યાસ કરી સુધારણા માટે આગળ વધશે.

● નેપાળમાં આવનારી ૧૯ થી ૨૪ ડિસેમ્બર સુધી કાઠમંડુ ખાતે સાઉથ એશિયન રિજનલ કન્ટ્રીઝ બ્રિલિયન્સ એવોર્ડ એન્ડ કલ્ચરલ સમિટ યોજાશે. જેમાં ગુજરાતી સમાજના વરિષ્ઠ ઉપાધ્યક્ષ ડૉ.હેમરાજ વીરમ શાહને સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે સાર્ક બ્રિલિયન્ટ એવોર્ડ એનાયત કરાશે. ૮૪ વર્ષીય ડૉ. હેમરાજ શાહે ૬૦ વર્ષોથી સામાજિક સાંસ્કૃતિક શૈક્ષણિક અને સાહિત્ય અંતર્ગત પ્રવૃત્તિઓ કરી છે. કેનેડાની બ્રોમ્પટન યુનિવર્સિટીએ તેમને માનદ ડોક્ટરેટની ઉપાધિ તેમજ લાઈફટાઈમ પરફોર્મર એવોર્ડ આપ્યા છે.

● એશિયા ખંડના શ્રેષ્ઠ ઘાસિયા મેદાનમાં જેની ગણના થાય છે એવા બન્નીના આગામી સમયમાં ચિતલ સંવર્ધન કેન્દ્ર સ્થાપિત થવાનું છે. આ કેન્દ્ર કાર્યરત કરવાના એક મહત્વના પડાવ રૂપે મોરબી જિલ્લાના વાંકાનેર પાસે આવેલા રામપરાથી ૨૦ ચિતલ હરણને બન્ની ખાતે લાવવામાં આવ્યા છે. આગામી સમયમાં વધુ ચિતલને લાવવાની વનતંત્રની યોજના છે. બન્નીમાં ચિતા માટેનું સંવર્ધન કેન્દ્ર સ્થાપિત છે. ત્યારે ચિતાના ખોરાક અને બ્રિડીંગના એક ભાગરૂપે ચિતલના જથ્થાને બન્ની વિસ્તારમાં લવાયા છે. ચિતલ માટે વન વિભાગે ૧૦૦ હેક્ટરમાં જમીનનું ફેન્સિંગ કર્યું છે.

● મુંદરાના તેરછી ચકલામાં છેલ્લા ૧૩૪ વર્ષથી ચાલતી ગરબી જેને લોકો પુષ્કર્ણાની ગરબી તરીકે ઓળખે છે. અહીં નવરાત્રિમાં રાત્રે માના ગરબા, છંદ, સ્તુતિની રમઝટ જામે છે. આ પરંપરાગત રીતે માતાની આરાધના કરાય છે. બહુધા જગ્યાએ કમર્શિયલ રીતે ગરબીઓ થાય છે અને વ્યવસાહિક રીતે એન્ટ્રી ફી વસુલી, રોશની ઝાકઝમાળવાળી ગરબીઓ વચ્ચે તેરછી ચકલા પુષ્કર્ણા ગરબી અનોખી ધાર્મિક સંસ્કૃતિ જીવંત રાખી છે. આજે આ નવરાત્રિ હાલે પુષ્કર્ણા સમાજની ત્રીજી પેઢી સંચાલન સંભાળે છે.

● આધ્યાત્મિક, સાંસ્કૃતિક વૈશ્વિક વ્યાપ ધરાવતી બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થામાં સંતો સાથે કાર્યકરો સહયોગી રહ્યાં છે. કાર્યકરની રચનાનું માળખું પૂ.યોગીજી મહારાજે પચાસ વર્ષ પહેલાં સ્થાપિત કર્યું. તેને પચાસ વર્ષ પૂર્ણ થતાં કાર્યકર સુવર્ણ જયંતિ મહોત્સવ પ્રસંગે વિવિધ કાર્યક્રમોનું સંસ્થા દ્વારા આયોજન કરાયું. તેની એક કડીરૂપે મહિલા પાંખ દ્વારા બીએપીએસ મંદિર ખાતે મહિલા દિનની ઉજવણી કરાઈ. કાર્ય પહેલા અને કર્તા પછી એટલે કે કાર્યમાં સમય કરતાં પહેલાં આવે અને સૌથી છેલ્લે જાય તે કાર્યકર તેવી પૂજ્ય મહંત સ્વામીએ સમજણ આપી હતી.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA